પગાર ધોરણમાં વિસંગતતા અને પગાર સુધારણા અંગેની આનુષાંગિક બાબતોની રજુઆતો પર વિચારણા નહીં કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્ર: પગર-૧૦૨૦૧૫-૧૦૦-પગાર એકમ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯-૧૨-૨૦૧૫

વંચાણે લીધા:-
(૧) નાણા વિભાગનો તા.૧૩-૨-૧૯૯૫નો પરિપત્ર ક્ર:પગર-૧૧૯૪-૫૯-મ
(૨) નાણા વિભાગનો તા.૮-૫-૨૦૦૮નો ઠરાવ ક્ર:પગર-૧૦૦૮-૨- પગાર એકમ(મ)
(૩) નાણા વિભાગનો તા.૨૯-૫-૨૦૧૪નો પરિપત્ર ક્ર: પગર-૧૦૨૦૧૪-૮૮-પગાર એકમ(મ)
(૪) નાણા વિભાગનો તા.૯-૧૦-૨૦૧૫નો પરિપત્ર ક્ર: પગર-૧૦૨૦૧૫-૯૯-પગાર એકમ(મ)

## પરિપત્ર

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય છઠ્ઠા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખાના સંદર્ભમાં ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો,૨૦૦૯ હેઠળની અનુસૂચિ-ગ માં દર્શાવેલ નોંધોમાં થયેલ ફેરફાર સંદર્ભે ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો,૨૦૦૯ હેઠળની અનુસૂચિ-ગ હેઠળની નોંધો અદ્યતન કરવા માટે સર્વે વહીવટી વિભાગોને તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/કચેરીના વડાની કચેરીમાં મંજુર થયેલ જગ્યાઓના નામાભિધાન, પગાર ધોરણ, નવી ઊભી થયેલ જગ્યાની નોંધ ઉમેરવા અને રદ થયેલ જગ્યાની નોંધ રદ કરવા અંગેની માહિતી મોકલવા બાબતે ઉપર વંચાણે લીધા ક્ર:૩ માં દર્શાવેલ તા.૨૯-૫-૨૦૧૪ અને ક્ર:૪ માં દર્શાવેલ તા.૯-૧૦-૨૦૧૫ના પરિપત્રોથી સર્વે વહીવટી વિભાગોને સૂચના આપવામાં આવેલ છે.

૨. કેન્દ્રિય સાતમા પગાર પંચ દ્વારા તેનો અહેવાલ કેન્દ્ર સરકારના નાણા મંત્રાલયને રજુ કરવામાં આવેલ છે અને તે સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવેલ છે. આથી હવે પગાર સુધારણા અને તેને આનુષાંગિક બાબતો પગાર પંચના કાર્યક્ષેત્રની બાબત થતી હોઈ, નીચે જણાવેલ બાબતો અંગે થયેલ રજુઆતો સંદર્ભે સરકારમાં કોઈ પણ કક્ષાએ વિચારણા કે આનુષાંગિક કાર્યવાહી નહીં કરવા અને તે અંગેની દરખાસ્તો નાણા વિભાગ/સરકારને રજુ નહીં કરવા જણાવવામાં આવે છે.

(૧) કોઈ પણ અર્થમાં પગાર ધોરણમાં સુધારણા, પગાર વિસંગતતાની રજુઆતો
(૨) હોદ્દાની પુન: રચના-નામાભિધાન-પુન: વર્ગીકરણ
(૩) જગ્યાઓ અપગ્રેડ/ડાઉનગ્રેડ/એકત્રિત (Merge) કરવી/ રૂપાંતર કરવી
(૪) વિવિધ ભથ્થાંઓમાં સુધારા-વધારા

૩. વધુમાં આ વિભાગના તા.૨૯-૫-૨૦૧૪ અને તા.૯-૧૦-૨૦૧૫ના પરિપત્રોથી આપવામાં આવેલ સૂચના અનુસાર સર્વે વહીવટી વિભાગોને, આ અગાઉ થયેલ ફેરફારો સંદર્ભે, તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/કચેરીના વડાની કચેરીમાં મંજુર થયેલ જગ્યાઓના નામાભિધાન, પગાર ધોરણ, નવી ઊભી થયેલ જગ્યાની નોંધ ઉમેરવા અને રદ થયેલ જગ્યાની નોંધ રદ કરવા અંગેની માહિતી, દરખાસ્તના સમર્થનમાં જરૂરી રેકર્ડ સાથે, તાત્કાલિક મોકલી આપવા પુન: વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
ઉપસચિવ
નાણા વિભાગ

પ્રતિ
* માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ ના અંગત સચિવશ્રી,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.
સચિવાલયના સર્વે વહીવટી વિભાગો.
સર્વે ખાતાના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે કચેરીના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ-૧ શાખા
આઈ. ટી. કોર્ડીનેટરશ્રી-નાણા વિભાગ-
આ પરિપત્ર વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.

**************************************************